સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને નવસારી જિલ્લામાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો, 238 બેઠકોમાંથી 57 બેઠકો બિનહરીફ

નવસારીની 181 બેઠક પર આજે મતદાન

મતદાનનો મહાસંગ્રામ

નવસારી મનપાની 50, ગણદેવી પાલિકાની 2, જિ.પં.ની 21 અને તા.પં.ની 108 બેઠકો માટે ભારે ટક્કર

જિલ્લાની 57 બેઠકો બિનહરીફ જાહેર થતા સીધી જીત નોંધાઈ

કુલ 5407 પોલિંગ સ્ટાફ, કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે 2000થી વધુ પોલીસ જવાનો તૈનાત

નવસારીમાં ચૂંટણી પહેલા સોશિયલ મીડિયા પર 'સાયબર નજર'

નવસારી: ચૂંટણીને પગલે હવે લડાઈ માત્ર મેદાનમાં જ નહીં, પરંતુ સોશિયલ મીડિયામાં પણ ગરમાઈ છે. આ ડિજિટલ દંગલને કાબૂમાં રાખવા નવસારી પોલીસ એક્શન મોડમાં આવી છે અને 24 કલાક સઘન મોનિટરિંગ શરૂ કર્યું છે. સુરત રેન્જના IG પ્રેમવીરસિંહ અને જિલ્લા પોલીસ વડા રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ શાખાએ અદ્યતન ડિજિટલ મોનિટરિંગ પોર્ટલ કાર્યરત કર્યું છે. આ પોર્ટલ ચૂંટણી દરમિયાન સોશિયલ મીડિયામાં ફેલાતી દરેક ગતિવિધિને તાત્કાલિક ટ્રેક કરી શકે તેવી સક્ષમ વ્યવસ્થા સાથે સજ્જ છે. સાયબર ક્રાઈમ PI ચુ. એલ. મોદીએ જણાવ્યું કે ટેક્નોલોજીની મદદથી હવે ફેક ન્યૂઝ, હેટ સ્પીચ અને ઉશ્કેરણીજનક પોસ્ટ્સ સામે તરત જ કાર્યવાહી શક્ય બની છે. નાગરિકોને પણ ચેતવણી આપવામાં આવી છે કે અફવાઓ ફેલાવવાથી બચો અને કોઈપણ માહિતી શેર કરતા પહેલા તેની સત્યતા ચકાસો.

નવસારી જિલ્લામાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. 26 એપ્રિલે યોજાનાર મતદાન પહેલા તંત્રએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે અને હવે જિલ્લો મતદાનના મહાપર્વ માટે તૈયાર છે.

જિલ્લાની કુલ 238 બેઠકોમાંથી 57 બેઠકો બિનહરીફ જાહેર થતા સીધી જીત નોંધાઈ છે, જ્યારે બાકી રહેલી 181 બેઠકો પર હવે મતદારો પોતાનો ચુકાદો આપશે. આ જંગમાં નવસારી મહાનગરપાલિકાની 50 બેઠકો, ગણદેવી નગરપાલિકાની 2 બેઠકો, જિલ્લા પંચાયતની 21 બેઠકો અને તાલુકા પંચાયતની 108 બેઠકો માટે ભારે ટક્કર જોવા મળશે.

ચૂંટણીને પારદર્શક અને શાંતિપૂર્ણ બનાવવા માટે તંત્રએ વિશાળ મશીનરી ગોઠવી છે. કુલ 5407 પોલિંગ સ્ટાફ મતદાન પ્રક્રિયામાં ફરજ બજાવશે, જ્યારે કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે 2000થી વધુ પોલીસ જવાનો જિલ્લામાં તૈનાત કરાયા છે. મતદાન મથકો સુધી વ્યવસ્થા સુચારૂ રીતે પહોંચે તે માટે 139 પરિવહન રૂટ પણ નક્કી કરાયા છે.

ગરમીના વધતા પારા વચ્ચે મતદારોને રાહત મળે તે માટે દરેક મતદાન મથક પર પીવાનું ઠંડુ પાણી, છાંયડા માટે મંડપ, દિવ્યાંગો માટે રેમ્પ અને તાત્કાલિક સારવાર માટે ફર્સ્ટ એઇડ જેવી સુવિધાઓ ગોઠવવામાં આવી છે.

હવે નજર 26 એપ્રિલ પર ટકેલી છે. જ્યારે નવસારીનો મતદાર પોતાના મતાધિકારથી સ્થાનિક શાસનની દિશા નક્કી કરશે.

તાલુકામાં ૧,૬૧,૧૨૭ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે

ચીખલી તાલુકામાં છ બુથ સંવેદનશીલ જાહેર કરાયા

તાલુકામાં ૭૯,૭૩૪ પુરુષ અને ૮૧,૩૭૩ સ્ત્રી મળી કુલ ૧,૬૧,૧૨૭ મતદારો

ધેજ : ચીખલી તાલુકા પંચાયતની ૨૩ અને જિલ્લા પંચાયતની પાંચ બેઠકોની ચૂંટણી માટે તંત્ર સજ્જ થઇ ગયુ છે. તાલુકાના ૧૯૭ જેટલા બુથો પર ૧,૬૧,૧૨૭ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. જિલ્લા પંચાયત આઠ પૈકી ધેજ, સમરોલી અને રૂમલા અને તાલુકા પંચાયતની ૨૮-પૈકી પાંચ બેઠકો ભાજપની બિનહરીફ થઇ ચૂકી છે. તાલુકામાં છ બુથો સંવેદનશીલ જાહેર કરાયા છે.

ઇટાલિયા હાઇસ્કૂલના મેદાનમાંથી ઇવીએમ સાથે ૨૪ રૂટો પર સ્ટાફ રવાના થયો હતો. તાલુકાની ૧૯૭ બેઠકો માટે પ્રિસાઈડિંગ ઓફિસર ૧૯૭, આસિસ્ટન્ટ પ્રીસાઇડિંગ-૨૨૦, પોલિંગ ઓફિસર-૪૫૪, પટાવાળા-૧૯૭ જ્યારે ૨૪-ઝોનલ અધિકારીઓની નિયુક્તિ કરાઈ છે. દરેક બુથો પર એક ડીવાયએસપી, એક પીઆઇ, ચાર પીએસઆઇ, ૧૫૬-કોન્સ્ટેબલ, ૧૭૩-હોમગાર્ડ સહિતનો સ્ટાફ તૈનાત કરાયો છે. ચીખલી તાલુકામાં વંકાલ અને સારવણી ગામના બે-બે તથા ખૂંધ, રૂમલાના એક એક મળી કુલ છ જેટલા બુથો સંવેદનશીલ જાહેર થયા છે. જ્યાં પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત રાખવામાં આવશે. તાલુકામાં પુરુષ ૭૯,૭૩૪ અને સ્ત્રી ૮૧,૩૭૩ મળી કુલ ૧,૬૧,૧૨૭ જેટલા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

લગ્નો અને ગરમીની અસર મતદાન પર વર્તાશે

ગરમીનો પ્રકોપ વધુ હોવા સાથે લગ્ન સિઝન પણ પુરજોશમાં હોય રાજકીય પક્ષોની ચિંતા વધી છે. તાલુકામાં હાલે લગ્નની મોસમ ચાલી રહી છે. બીજી તરફ કાળઝાળ ગરમી હોય રાજકીય પાર્ટીઓ દ્વારા વહેલી સવારમાં જ વધારેમાં વધારે મતદાન થાય તે માટે કમર કસવામાં આવી રહી છે. જોકે તેમ છતાં લગ્નો અને ગરમીની થોડી ઘણી અસર તો મતદાન પર વર્તાશે તેમ લાગી રહ્યું છે.

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસથી જણાવવાનું કે મોજે: અલુરા, તાલુકો: જલાલપોર, જીલ્લો: નવસારી મુકામે આવેલ જમીન જેની વિગત નીચે મુજબ છે.

ગામનું નામ	બ્લોક નંબર (નવો)	બ્લોક નંબર (જુનો)	હે.આરે.ચો.મી.	આકાર રૂા. પૈસા	ખાતા નંબર
અલુરા	૪૬	૪૦	૧-૨૨-૪૯ પૈકી ૦-૬૧-૨૧	૧૪.૭૫	૧૬૧

ઉપરોક્ત વિગત વાળી જમીન (૧) રણછોડભાઈ ગાંડાભાઈ પટેલ (૨) ડાહીબેન રણછોડભાઈ પટેલ (૩) હરીશભાઈ રણછોડભાઈ પટેલ (૪) અનિલકુમાર રણછોડભાઈ પટેલ નાઓની સંયુક્ત માલિકીની ચાલી આવેલ છે. જે જમીન પૈકી (૧) રણછોડભાઈ ગાંડાભાઈ પટેલ (૨) ડાહીબેન રણછોડભાઈ પટેલ (૩) હરીશભાઈ રણછોડભાઈ પટેલ (૪) અનિલકુમાર રણછોડભાઈ પટેલ ના વણ-વહેંચાયેલ હિસ્સાની જમીન તેમની પાસેથી હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે. સબબ સદર જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થાનો કોઈપણ હક્ક, દરદાવો ગણોતહક્ક કે લેણું, બોજા અન્ય કોઈપણ પ્રકારના હક્ક, હિત, અધિકાર હોય તો તેમણે આજ દિનથી દિન-૭ માં નીચે જણાવેલ સરનામે પુરાવા સહીત રૂબરૂમાં જાણ કરવી, અન્યથા મુદત વિત્યે હમારા અસીલ કાયદેસરનો વેચાણ અવેજ ચુકવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરાર ચાલશે નહીં. જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

તા. ૨૪-૦૪-૨૦૨૬ મારી મારફત, દિપાલી આર. પટેલ (એડવોકેટ)
૧, ઓમ ચેમ્બર, કાલીયાવાડી, તા. જી. નવસારી. મો.: 95371 30101

વાપી GIDCની ક્રિએટીવ ટેક્સટાઈલમાં ભીષણ આગ

શનિવારે બપોરે ત્રણ વાગ્યાની આસપાસ આગ લાગતા પહેલા માળે કાપડનો તૈયાર માલ આગની લપેટમાં આવ્યો

વાપી : વાપી જીઆઈડીસી સ્થિત ક્રિએટીવ ટેક્સટાઈલ મિલ્સમાં શનિવારે બપોરે અચાનક આગ ફાટી નીકળતા કંપનીના વર્કરોમાં અફરાતફરી મચી ગઈ હતી. કંપનીના પહેલા માળે મૂકેલા ફીનીશીંગ કપડામાં આગ લાગતા ઝડપથી આગ પ્રસરી હતી. જોતજોતામાં આગે ભીષણ સ્વરૂપ ધારણ કરી લેતા વાપી જીઆઈડીસીના બંને ફાયરબ્રિગેડના યુનિટ ઉપરથી પાંચ ફાયરફાઈટર આગને કાબુમાં લેવા બનાવ સ્થળે પહોંચ્યા હતા. ત્યારબાદ આગ વધુ ભીષણ હોવાથી સરીગામ તેમજ ઉમરગામથી પણ એક એક ફાયરફાઈટરને અહીં બોલાવવાની નોબત આવી હતી. એટલું જ નહીં વાપી ટાઉનમાં મહાપાલિકાના ફાયરફાઈટરને પણ બોલાવીને આગને કાબુમાં લેવા માટે લગભગ સાડા ત્રણ કલાક જેવો સમય લાશ્કરોએ જહેમત ઉઠાવવી પડી હતી. ત્યારે આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગ કેવી રીતે લાગી તેની હજી તપાસ ચાલી રહી છે. જોકે આ ક્રિએટીવ ટેક્સટાઈલ મિલ્સમાં વારંવાર આગ લાગવાના બનાવ બનતા હોય છે ત્યારે તેની કર્મચારીઓની સેફ્ટીને લઈને સવાલો ઉઠી રહયા છે. બીજી તરફ ફેક્ટરી ઈન્સ્પેક્ટર તેમજ જીપીસીબી જેવા વિભાગો પગલા કેમ લેતા નથી તેવા સવાલો પણ ઉઠી રહ્યા છે.

ભીનાર ત્રણ રસ્તા પાસે ટેમ્પોની અડફેટે યુવાનનું મોત

પૂરપાટ ઝડપે આવતા ટેમ્પોએ વાહનો અને લારીચાલકોને કચડ્યા, ચાર લોકો ઈજાગ્રસ્ત

વાંસદા : વાંસદા તાલુકાના ભીનાર ત્રણ રસ્તા પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઉનાઈ તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલા આઈસર ટેમ્પો (નંબર: GJ-14-Z-3212) ના ચાલક મલ્હારસિંહ મહિપતસિંહ પરમારે માર્ગની સાઈડમાં ઊભેલા વાહનો અને રાહદારીઓને જોરદાર ટક્કર મારી હતી.

ભીનાર ગામના ભાટેલ ફળિયામાં રહેતા દિલીપભાઈ પટેલ (૫૪ વર્ષ) ત્રણ રસ્તા પાસે શિકંજી પીવા ઊભા હતા. આ દરમિયાન બેકાબૂ ટેમ્પોએ દિલીપભાઈની બાઈક સહિત ત્યાં ઊભેલી અન્ય એક મોટરસાઈકલ અને નારિયેળ-શિકંજી વેચતા લારીવાળાઓને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં દિલીપભાઈ પટેલ, નારિયેળ વિક્રેતા કનુભાઈ પટેલ (ભીનાર), સુરેશભાઈ હળપતિ (આંગણધરા) તેમજ ગ્રાહક તરીકે ઊભેલા આયુષભાઈ પટેલ (ડોલવણ) અને કૃતિકભાઈ પટેલ (ભીનાર) ને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને વાંસદાની હોસ્પિટલ ખસેડાયા હતા. જે પૈકી ગંભીર રીતે ઘાયલ કૃતિકભાઈ પટેલને વધુ સારવાર અર્થે સુરત લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું. સ્થાનિક લોકોએ અકસ્માત સર્જી ભાગવા જતાં ટેમ્પો ચાલક મલ્હારસિંહ પરમાર (રહે. અમરેલી)ને પકડી પાડ્યો હતો. હાલમાં વાંસદા પોલીસે દિલીપભાઈની ફરિયાદને આધારે ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નવસારી પાસે સાકાર થયું મનોરંજનનું નવું સરનામું 'જલતરંગ વોટર પાર્ક એન્ડ રિસોર્ટ'

નવસારી-મરોલી રોડ પર માણેકપુર ગામના પાદરમાં પ્રકૃતિના ખોળે આકાર પામેલું 'જલતરંગ વોટર પાર્ક એન્ડ રિસોર્ટ' હાલ સમગ્ર દક્ષિણ ગુજરાતના પર્યટન ક્ષેત્રે એક નવું અને ભવ્ય નજરાણું બનીને ઉભર્યું છે. ઉનાળાની શરૂઆતની સાથે જ જ્યારે સૂર્યનો પ્રકોપ વધી રહ્યો છે, ત્યારે ગરમીથી રાહત મેળવવા અને પરિવાર સાથે ગુણવત્તાસભર સમય વિતાવવા માટે સહેલાણીઓ આ સ્થળ પર ભારે પસંદગી ઉતારી રહ્યા છે. આ રિસોર્ટની સૌથી મોટી વિશેષતા એ છે કે તે પ્રસિદ્ધ બુટ ભવાની માતાના મંદિરના પવિત્ર સાનિધ્યમાં આવેલું છે, જેને કારણે અહીં આવતા શ્રદ્ધાળુઓ પણ મનોરંજનનો લ્હાવો લેવાનું ચૂકતા નથી. માત્ર નવસારી જ નહીં, પણ સુરત, વલસાડ અને ભરૂચ સુધીના પ્રવાસીઓ માટે આ સ્થળ રજાઓ માણવા માટેનું હોટ ફેવરિટ સ્પોટ બની ગયું છે.

સાહસ અને રોમાંચના શોખીનો માટે જલતરંગ વોટર પાર્ક એક સ્વર્ગ સમાન છે, કારણ કે અહીં દક્ષિણ ગુજરાતની સૌથી ઊંચી અને રોમાંચક રાઈડ્સ સ્થાપિત કરવામાં આવી છે. અંદાજે ૫૦ ફૂટની ઊંચાઈએથી ૯૦ ડિગ્રીના સીધા ઢાળ પરથી નીચે આવતી રાઈડ્સ પ્રવાસીઓના હૃદયના ધબકારા વધારી દે છે. અંદાજે ૧૨ વીઘા જેટલી વિશાળ જમીન પર ફેલાયેલા આ પાર્કમાં બાળકોથી લઈને વૃદ્ધો સુધીના દરેક વ્યક્તિ માટે મનોરંજનની પૂરતી વ્યવસ્થા છે. અહીં કુલ ૨૮ જેટલી વિવિધ પ્રકારની રાઈડ્સ આવેલી છે, જેમાં સાયક્લોન રાઈડ્સ, બુમરેંગ, હેરાફેરી, સ્લીપ એન્ડ ફ્લાય (જમ્પ રાઈડ્સ) અને ક્લોઝ બોડી રાઈડ્સ જેવી અત્યાધુનિક સુવિધાઓનો સમાવેશ થાય છે. પ્રવાસીઓની સુરક્ષાને સર્વોપરી ગણીને દરેક રાઈડનું સંચાલન કુશળ અને તાલીમબદ્ધ ઓપરેટરોની દેખરેખ હેઠળ કરવામાં આવે છે.

એડ્રેસ: નવસારી મરોલી રોડ, બુટભવાની મંદિર નજીક, માણેકપોર.
બુકિંગ માટે સંપર્ક : 6356310100/ 6356320200

વોટર પાર્કની મુલાકાત લેતા યુવાનો અને પરિવારો માટે અહીંનો 'વેવ પુલ' મુખ્ય આકર્ષણનું આકર્ષણનું કેન્દ્ર છે. દક્ષિણ ગુજરાતના સૌથી મોટા ગણાતા આ વેવ પુલમાં ઉઠતી દરિયાઈ લહેરો પ્રવાસીઓને સમુદ્ર કિનારે હોવાનો અહેસાસ કરાવે છે. આ ઉપરાંત, સંગીત અને નૃત્યના શોખીનો માટે હાઈ-વોલ્ટેજ ડીજે સિસ્ટમ સાથેનો વિશાળ રેન ડાન્સ એરિયા તૈયાર કરવામાં આવ્યો છે, જ્યાં કૃત્રિમ વરસાદમાં સંગીતના તાલે ઝૂમીને સહેલાણીઓ પોતાનો માનસિક થાક ઉતારે છે. પરિવારોની પ્રાઇવસી જળવાઈ રહે તે માટે મેનેજમેન્ટ દ્વારા ૨૦ ફૂટની બિલ્ડિંગ રાઈડ્સની અલગથી સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવી છે, જે આ રિસોર્ટને અન્ય કરતા અલગ પાડે છે.

મનોરંજનની સાથે સાથે ઉત્તમ આતિથ્ય સત્કાર માટે પણ જલતરંગે આગવી ઓળખ ઉભી કરી છે. દૂરથી આવતા પ્રવાસીઓ માટે અહીં ૩૦ જેટલા અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ એર-કન્ડિશન્ડ (AC) રૂમો બનાવવામાં આવ્યા છે, જ્યાં કુદરતી અને શાંત વાતાવરણમાં રોકાણનો આનંદ માણી શકાય છે. ખાણીપીણીની બાબતમાં પણ રિસોર્ટે ખાસ કાળજી રાખી છે; ટિકિટના દરમાં જ 'અનલિમિટેડ ફૂડ'નો સમાવેશ કરવામાં આવ્યો છે જેથી પ્રવાસીઓને જમવાની ચિંતા ન રહે. જો કે, જે પ્રવાસીઓ અનલિમિટેડ ભોજન લેવા ન માંગતા હોય, તેમના માટે ૧૫૦ રૂપિયાનું સ્પેશિયલ વાઉચર આપવામાં આવે છે, જેનો ઉપયોગ કરીને તેઓ પોતાની રુચિ મુજબની વાનગીઓનો સ્વાદ માણી શકે છે. શૈક્ષણિક સંસ્થાઓ, શાળાઓ અને મોટા ગ્રુપ પિકનિક માટે પણ આ સ્થળ આદર્શ બની રહ્યું છે, કારણ કે મેનેજમેન્ટ દ્વારા આવા ગ્રુપો માટે વિશેષ ડિસ્કાઉન્ટની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. નવસારી શહેરથી ખૂબ જ નજીક હોવાને કારણે અને વાહનવ્યવહારની સરળતાને લીધે અહીં સહેલાણીઓનો પ્રવાહ સતત વધી રહ્યો છે. આગામી ઉનાળુ વેકેશનના સમયમાં પ્રવાસીઓનો ઘસારો વધવાની શક્યતાને જોતા રિસોર્ટ પ્રશાસન દ્વારા પાર્કિંગથી લઈને સુરક્ષા અને સ્વચ્છતા સુધીની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ હરિયાળું અને શાંત વાતાવરણ પ્રવાસીઓને એક નવી તાજગી અને ઉર્જા પૂરી પાડવા માટે સજ્જ છે.

સૌજન્યઃ એક શુભેચ્છક

ગુજરાતની સૌથી મોટી 4 સીટર રાઇડ ટુંક સમયમાં ઉપલબ્ધ થશે.

મોગરાવાડીના આશીર્વાદ સંકુલમાં તસ્કરોનો ત્રાટક્યા

વલસાડ : વલસાડ મોગરાવાડીમાં આવેલા આશીર્વાદ સંકુલના ફ્લેટ નંબર 102 અને 103 માં આ ચોરી થઈ છે. એક અજાણ્યા યુવાને આ બંને બંધ ફ્લેટના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બિલ્ડિંગમાં લગાવવામાં આવેલા CCTV કેમેરામાં આ સમગ્ર ઘટના કેદ થઈ ગઈ છે, જેમાં યુવાન ફ્લેટના તાળા તોડી ચોરી કરતો સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. ચોરીની સમગ્ર કરતૂત CCTVમાં કેદ થઈ હતી. બંને ફ્લેટના માલિકો હાલ બહારગામ હોવાથી કેટલી મત્તાની ચોરી થઈ છે તેનો ચોક્કસ આંકડો જાણી શકાયો નથી. ફ્લેટ માલિકો પરત આવ્યા બાદ ચોરીનો સાચો આંકડો સામે આવશે. હાલમાં પોલીસ દ્વારા CCTV ફૂટેજના આધારે આરોપીને પકડવા અને ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

શ્રી હાલારી વિશા ઓશવાળ જૈન



'પપ્પા...!

આપના સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ સદાય હૈયે રહેશે.
આપનું નિસ્વાર્થ જીવન અમારા માટે હંમેશા પ્રેરણાદાયી રહેશે.
આપના સંસ્કાર અમારા જીવનની સૌરભ બને
આપની પ્રેરણા અમારું પાથેય બની રહે.
આપનો સ્નેહ અમારો સંસ્કાર સેતુ બની રહે.

ભાવભરી શ્રધ્ધાંજલી
સ્વ. શ્રી સોભાગચંદ ખીમજી રૂપા ગુઢકા (શાહ)
ગામ : મોટા લખિયા
હાલ : વાપી
સ્વર્ગવાસ તારીખ : ૨૩-૦૪-૨૦૨૬, ગુરૂવાર

-: પ્રાર્થના સભા :-
તા. ૨૭-૦૪-૨૦૨૬, સોમવાર,
સવારે :- ૧૦:૩૦ થી ૧૨:૦૦ કલાકે

-: સ્થળ :-
સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી
રાજ રેસીડન્સી ની બાજુમાં, જી.આઇ.ડી.સી, વાપી

માતા-પિતા	: સ્વ. રતનબેન ખીમજી રૂપા ગુઢકા	ધર્મ પત્ની	: સ્વ. વનિતાબેન સોભાગચંદ ગુઢકા
પુત્ર - પુત્રવધુ	: શ્રીમતી સોનલ દિપક ગુઢકા શ્રીમતી ભાવિની બિમલ ગુઢકા	બેન-બનેવી	: સ્વ. ગંગાબેન દેપાર માલદે સ્વ. ઝવેરબેન હિરજી શાહ
ભાઈ-ભાભી	: સ્વ. અમૃતબેન અને સ્વ. સોમચંદ ગુઢકા સ્વ. હંસાબેન અને શ્રી અમૃતલાલ શાહ શ્રીમતી પ્રવિણાબેન અને સ્વ. શાંતિલાલ શાહ	દિકરી - જમાઈ	: શ્રીમતી કુસુમ પ્રવિણ નાગડા શ્રીમતી ઉર્મિલા હરેશ દોઢિયા શ્રીમતી ચેતના જયેશ નાગડા

ગ્લોબલ પેકર - દાદરા, સિલવાસા
એ.એન.જે. પેકેજીંગ - વાપી
ગ્લોબલ ઇકો પેક પ્રા. લીમીટેડ - મોટી તંબાડી - વાપી

દિપકભાઈ : ૯૮૭૯૭૯૦૧૫૯ બિમલભાઈ : ૯૮૨૫૧૨૮૧૪૯